પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૭ | ૧૮ એપ્રિલ, ૨૦૧૯, ગુરૂવાર; ચૈત્ર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે બીજા તબક્કામાં ૯૬ બેઠકો માટે મતદાન

**૧૨ રાજ્યોને આવરી લેતી ૯૬ સીટો પર મતદાનને પગલે અભૂતપૂર્વ ઉત્સાહ : તમિળનાડુમાં સૌથી વધારે ૩૮ સીટ પર મતદાન : કુલ ૧૬૪૪ ઉમેદવાર**

નવીદિલ્હી,તા. ૧૭

૧૭મી લોકસભાની ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા જારી રહી છે. ૧૧મી એપ્રિલના દિવસે પ્રથમ તબક્કામાં શાંતિપૂર્ણ રીતે મતદાન પૂર્ણ થયા બાદ હવે આવતીકાલે ગુરૂવારના દિવસે બીજા તબક્કામાં મતદાન યોજાનાર છે. બીજા તબક્કામાં પણ શાંતિપૂર્ણ રીતે મતદાનને પાર પાડવા માટે ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયાર કરી લેવામાં આવી છે. મતદારોમાં પણ અભૂતપૂર્વ ઉત્સાહ દેખાઈ રહ્યો છે. આવતીકાલે ગુરૂવારના દિવસે બીજા તબક્કામાં ૧૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશ પુડુચેરીને આવરી લેતી ૯૬ સીટ પર મતદાન યોજાનાર છે. વિવાદાસ્પદ નિવેદન કરવા બદલ ચૂંટણી પંચે આખરે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ લાલ આંખ કરી છે જેના ભાગરૂપે ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ, ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન માયાવતી અને



સમાજવાદી પાર્ટીના નેતા આજમખાન પર પ્રતિબંધ મુકવામાં આવી ચુક્યો છે. તેમના પર કેટલાક દિવસો માટે પ્રચાર ન કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. આવતીકાલે બીજા તબક્કામાં જે રાજ્યોમાં મતદાન યોજાનાર છે તે પૈકી તમિળનાડુમાં સૌથી વધારે ૩૮ સીટો પર મતદાન થનાર છે. કર્ણાટકમાં ૧૪, મહારાષ્ટ્રમાં ૧૦, ઉત્તરપ્રદેશમાં આઠ, આસામ, બિહાર અને ઓરિસ્સામાં પાંચ પાંચ સીટો પર મતદાન થનાર છે. આવી જ રીતે છત્તિસગઢ અને બંગાળમાં ત્રણ ત્રણ સીટ પર મતદાન થનાર છે. જમ્મુ કાશ્મીરમાં બે સીટ પર મતદાન થનાર છે. મમિપુર, ત્રિપુરા અને પોન્ડીચેરીમાં એક એક સીટ પર મતદાન થશે. ચૂંટણી પ્રચારનો મંગળવારના દિવસે અંત આવ્યો હતો. બીજા તબક્કા માટે ચૂંટણી પહેલા પ્રચારમાં ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત

● અનુસંધાન પાન-૭ પર

### કયા-કયા મહારથી મેદાનમાં

- જુઆલ ઓરમ (કેન્દ્રીયમંત્રી)
- સદાનંદ ગૌડા (કેન્દ્રીયમંત્રી)
- પૌન રાધાકૃષ્ણન (કેન્દ્રીયમંત્રી)
- એચડી દેવગૌડા (પૂર્વ વડાપ્રધાન)
- વિરપ્પા મોઈલી (કોંગ્રેસના વરિષ્ઠ નેતા)
- રાજ બબ્બર (કોંગ્રેસના વરિષ્ઠ નેતા)
- ફારુક અબ્દુલ્લા (નેશનલ કોન્ફરન્સના નેતા)
- હેમા માલિની (ભાજપના વરિષ્ઠ નેતા)
- દયાનિધિ મારન (ડીએમકે નેતા)
- એ રાજા (ડીએમકેના નેતા)
- કાનિમોઝી (ડીએમકેના નેતા)
- વસંતકુમાર (કોંગ્રેસના વરિષ્ઠ નેતા)
- ઉદયસિંહ (કોંગ્રેસના વરિષ્ઠ નેતા)
- ડીકે સુરેશ (કોંગ્રેસના નેતા)

### ક્યાં - ક્યાં મતદાન

| રાજ્ય | બીજા તબક્કામાં મતદાન (સીટ) |
|---|---|
| તમિળનાડુ | ૩૮ |
| કર્ણાટક | ૧૪ |
| મહારાષ્ટ્ર | ૧૦ |
| ઉત્તરપ્રદેશ | ૦૮ |
| આસામ | ૦૫ |
| બિહાર | ૦૫ |
| ઓરિસ્સા | ૦૫ |
| છત્તિસગઢ | ૦૩ |
| પશ્ચિમ બંગાળ | ૦૩ |
| જમ્મુ કાશ્મીર | ૦૨ |
| મણિપુર | ૦૧ |
| ત્રિપુરા | ૦૧ |
| પોન્ડીચેરી (કેન્દ્ર શાશિત પ્રદેશ) | ૦૧ |
| કુલ ૧૨ રાજ્ય-કેન્દ્ર શાસિત પ્રદેશ | ૯૬ |

## સાધ્વી પ્રજ્ઞા ઠાકુર ભાજપમાં જોડાયા ભોપાલ બેઠક પરથી ચૂંટણી લડશે

ભોપાલ, તા. ૧૭

ભાજપે મધ્યપ્રદેશની ચાર લોકસભા સીટો ઉપર ઉમેદવારના નામની આજે જાહેરાત કરી હતી. ચર્ચાસ્પદ સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુર ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થયા બાદ તેમને તરત જ ટિકિટ આપી દેવામાં આવી છે. પત્રકારો સાથે વાતચીત કરતા સાધ્વી પ્રજ્ઞાએ કહ્યું હતું કે, તેઓએ સત્તાવારરીતે ભાજપની મેમ્બરશીપ સ્વીકારી લીધી છે. ચૂંટણી મેદાનમાં ઉતરવા જઈ રહ્યા છે. તેમની પાસે શિવરાજસિંહ ચૌહાણનું સમર્થન છે. સાધ્વી હવે ભોપાલની સીટ ઉપર ચૂંટણી મેદાનમાં છે જેથી તેમની ટક્કર કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજયસિંહ સાથે થશે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથે મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, સાધ્વી ભાજપમાં સામેલ થયા છે તે પાર્ટીની મનોદશાને રજૂ કરે છે. સાધ્વી પ્રજ્ઞા અને દિગ્વિજય એકબીજાના જોરદાર વિરોધી તરીકે રહ્યા છે. દિગ્વિજયસિંહ કોંગ્રેસના એવા પસંદગીના નેતાઓ પૈકી એક છે જે લોકોએ યુપીએ સરકારના ગાળામાં ભગવા આતંકવાદના મુદ્દા ઉપર જોરદાર હોબાળો મચાવ્યો હતો. આજ કારણસર સાધ્વી પ્રજ્ઞા ચૂંટણી મેદાનમાં દિગ્વિજયની સામે ચૂંટણી મેદાનમાં ઉતરી રહ્યા છે. સાધ્વી પ્રજ્ઞા ઠાકુર માલેગાંવ બ્લાસ્ટ કેસમાં આરોપી તરીકે રહ્યા છે. દિગ્વિજયસિંહ ૧૬ વર્ષ બાદ ચૂંટણી લડી રહ્યા છે.

## ડીએમકે નેતા કાનીમોઝીના આવાસ પર વ્યાપક દરોડા

**મતદાનના કલાકો પહેલા જ દરોડાની કાર્યવાહી : દરોડાની કાર્યવાહીની સ્ટાલિન દ્વારા કરાયેલી વ્યાપક ટીકા**

ચેન્નાઈ, તા. ૧૭

તમિળનાડુમાં ૩૯ લોકસભાની સીટ ઉપર આવતીકાલે મતદાન થનાર છે ત્યારે ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓએ ડીએમકેના નેતા કાનીમોઝીના આવાસ ઉપર જોરદાર દરોડા પાડતા ખળભળાટ મચી ગયો છે. મોટી માત્રામાં રોકડ રકમ હોવાની માહિતી મળ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. કાનીમોઝી તુતીકોરિન લોકસભા બેઠક ઉપરથી ડીએમકેના ઉમેદવાર છે. ડીએમકેના પ્રમુખ એમકે સ્ટાલિને ચૂંટણીના બે દિવસ પહેલા જ પાડવામાં આવેલા દરોડાની કાર્યવાહીને લઈને પ્રશ્નો ઉઠાવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આક્ષેપ કરતા કહ્યું છે કે, ચૂંટણીને પ્રભાવિત કરવાના હેતુસર આવકવેરાના અધિકારીઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બીજા તબક્કામાં રાજ્યની ૩૯

● અનુસંધાન પાન-૭ પર



### ન્યુઝ ટ્રેક

**મમતા બેનર્જીની બાયોપિક પર પ્રતિબંધની માંગ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની બાયોપિક પર રોક લગાવાયા બાદ હવે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના જીવન પર બનેલી ફિલ્મ પર પ્રતિબંધની માંગ કરવામાં આવી છે. ભાજપે ચૂંટણી પંચને આ બાબતે પત્ર લખ્યો છે. મમતા બેનર્જીના જીવન પર બની ફિલ્મ 'બાધિની' ૩ મે ના રોજ રીલીઝ થવાની હતી.

**યોગીનુ નિવેદન ટ્વીટર પરથી હટાવાયુ**

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના ચૂંટણી પ્રચારમાં ભાગ લેવા પર આયોગે મુકેલા પ્રતિબંધ હજુ પૂર્ણ થાય તે પહેલા જ ટ્વીટરે તેમના ટ્વીટ પર એક્શન લીધુ છે. મુસ્લિમલીગને 'વાયરસ' કહેનાર સીએમ યોગીના ટ્વીટનો ટ્વીટરે ચૂંટણી આયોગના નિર્દેશ પર હટાવી દીધુ છે.

## પાકિસ્તાનને મોદીની ચેતવણી, અમારી પાસે ન્યૂક્લિયરનો બાપ છે

ગાંધીનગર

ગુજરાતની ધરતી પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે જો તમે ન્યૂક્લિયરનું બટન દબાવશો તો અમારી પાસે વ્યૂક્લિયરનો બાપ છે. અમે બટન દબાવીશું તો મુશ્કેલી થશે.

હિંમતનગર પછી સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગરમાં જનસભા સંબોધતાં મોદીએ કહ્યું કે વિશ્વમાં ભારતનું મહત્વ વધ્યું છે. પાકિસ્તાનથી આવેલા આતંકીઓ ભારતમાં હુમલા કરતા હતા. જ્યારે પ્રતિકારમાં ભારત કંઈ બોલે તો પાકિસ્તાન ન્યૂક્લિયરની ધમકી આપતું હતું પરંતુ આપણે જ્યારે એમ કહ્યું કે અમારી પાસે ન્યૂક્લિયરનો બાપ છે ત્યારે તેઓ ગભરાયા છે.

વડાપ્રધાને કહ્યું કે, આખા દેશમાં જમણ ત્યા સુધી સારૂં ના લાગે જ્યાં સુધી સુરેન્દ્રનગરનું મીઠું તેમાં ના ભળે.

મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, જે લોકોએ દેશના ૭૦ વર્ષ બરબાદ કર્યા તેમને તો ૭૦ મિનીટ પણ ન આપવી જોઈએ. ૫ વર્ષમાં દેશના લોકો મોધવારી શબ્દભૂલી ગયા છે. ગોટાળા કરનારા લોકો ડરી રહ્યા છે. ૨૦૧૯માં મોદી સરકાર આવશે તો તમામ ગોટાળા કરનારા લોકો તીહાડ જેલમાં હશે.

કોંગ્રેસ પાર્ટીનું ચારિત્ર્ય બદલાઈ ગયું છે. કોંગ્રેસ દેશની સેના પર પ્રહારો કરી રહ્યું છે. કોંગ્રેસના લોકો પુરાવા માંગે છે એટલે તેમને સેના પર વિશ્વાસ નથી. કોંગ્રેસના વચનોથી પાકિસ્તાન ખુશ થઈ રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## ત્રણેય સેનાઓ હવે ૩૦૦ કરોડના ખર્ચે પોતાની પસંદના સુરક્ષા સાધનો ખરીદી શકશે

ન્યુ દિલ્હી,તા.૧૭

પુલવામા હુમલા બાદ મોદી સરકારે ત્રણેય સેનાઓને પાકિસ્તાનથી અડેલી સરહદને સુરક્ષિત બનાવવા જરૂરી હથિયાર અને સુરક્ષા સાધનો ખરીદવા માટે અધિકાર આપ્યા હતા. સરકારી સૂત્રો અનુસાર ત્રણેય સેનાઓને આપવામાં આવેલી શક્તિઓ અનુસાર તેઓ ૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ત્રણ મહિનાની અંદર પોતાની પસંદના સુરક્ષા સાધનો ખરીદી શકે છે. પુલવામા હુમલા બાદ જ ભારતે પાકિસ્તાન

● અનુસંધાન પાન-૭ પર














